RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 44, Dt.02-05-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સૌરાષ્ટ્રે જ મને પહેલીવાર ધારાસભ્ય બનાવ્યોઃ વડાપ્રધાન મોદી



## આણંદ બાદ સુરેન્દ્રનગર અને જૂનાગઢમાં મોદીએ સભાને ગજવીઃ કોંગ્રેસના ૬૦ વર્ષના શાસનમાં ભારતની ૬૦ ટકા ગ્રામીણ વસ્તી પાસે શૌચાલય ન હતું, છેલ્લા ૧૦ વર્ષમાં એકપણ કૌભાંડ થયા નથી

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

ગુજરાતમાં લોકસભા ૨૦૨૪ની ચૂંટણીના મતદાનને હવે પાંચ દિવસ જેટલો સમય બાકી છે ત્યારે ભાજપ મતદારોનો રીઝવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાતના પ્રવાસે છે. વડાપ્રધાન મોદીએ આણંદ બાદ સુરેન્દ્રનગરમાં જનસભા સંબોધી હતી. હવે આજે તેઓ જૂનાગઢ અને જામનગરમાં પણ ચૂંટણી રેલી કરશે.

વડાપ્રધાન મોદીએ સુરેન્દ્રનગરના લોકોને અપીલ કરતા કહ્યુ કે ૭ તારીખે મતદાનના તમામ રેકોર્ડ તૂટવા જોઇએ. પહેલા 2G કૌભાંડ, કોમનવેલ્થ, કોલસા કૌભાંડ, હેલિકોપ્ટર કૌભાંડ જેવા અનેક કૌભાંડ હતા. જ્યારે છેલ્લા ૧૦ વર્ષમાં એક પણ ગોટાળા થયા હોય તેવી ખબર નથી આવી.

અગાઉ આણંદના વલ્લભ વિદ્યાનગરમાં જાહેર સભાને સંબોધન કર્યા બાદ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરેન્દ્રનગરના ત્રિમંદિર મેદાનની સામે જનસભાને સંબોધન કરી રહ્યા છે. પોતાના ભાષણની શરુઆતમાં જ વડાપ્રધાને કહ્યું હતું કે પમારી શાસકીય કારકિર્દીની શરુઆત સૌરાષ્ટ્રથી શરુ થઈ હતી. મને પહેલીવાર ધારાસભ્ય સૌરાષ્ટ્રે બનાવ્યો છે. એટલે હું હંમેશા ગુજરાતનો ઋણી રહીશ.લોકસભા ચૂંટણીના પ્રચાર માટે આજે વડાપ્રધાન મોદીએ આણંદમાં જનસભા સંબોધી હતી. તેમણે કહ્યું હતું, કે પકોંગ્રેસના ૬૦ વર્ષના શાસનમાં ભારતની ૬૦ ટકા ગ્રામીણ વસ્તી પાસે શૌચાલય નહોતું, ૧૦ વર્ષમાં અમે બનાવ્યા. માત્ર ત્રણ કરોડ ગ્રામીણ ઘર સુધી જ નળથી પાણી પહોંચતું, અમે ૧૦ વર્ષમાં ૧૪ કરોડ નળથી જળ પહોંચાડ્યું. ૧૦ વર્ષમાં અમે ૫૦ જનધન બેન્ક ખાતા ખોલાવ્યા. આ ગુજરાતી ચા વાળાએ દેશનું અર્થતંત્ર ૧૧માં નંબરથી પાંચમા સ્થાને પહોંચાડી દીધું છે.વલ્લભ વિદ્યાનગરમાં ભારે જનમેદની વચ્ચે વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં પાકિસ્તાનની વર્તમાન સ્થિતિનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે પઆતંકી એક્સપોર્ટ કરનાર અત્યારે લોટ માટે તરસે છે. તો રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યુ કે પપાકિસ્તાનના લોકો શેહજાદાને ડ્ખ બનાવવા માગે છે.આ દરમિયાન કોંગ્રેસનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે નદેશના લોકોએ ૬૦ વર્ષ સુધી કોંગ્રસનું શાસન જોયું છે જ્યારે લોકોએ ભાજપના દસ વર્ષના સેવાકાળને પણ જોયો છે. પહેલા શાસનકાળ હતો, હવે સેવા કાળ છે.

# ગુજરાતમાં તા.૮ થી ૧૧ મે આકરી ગરમી પડશેઃ હવામાન ખાતાની આગાહી

## સમગ્ર મે માસમાં તાપમાન સામાન્ય કરતાં ઉંચુ રહેશેઃ એપ્રિલ માસ છેલ્લા ૧૨૩ વર્ષનો સૌથી ગરમ રહ્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં ઉનાળો ઘણો આકરો નિવડી રહ્યો છે. એપ્રિલ મહિનામાં સરેરાશ ઉંચા તાપમાનનો ૧૨૭ વર્ષનો રેકોર્ડ તૂટયો છે અને મે મહિનાનું તાપમાન પણ નોર્મલ કરતા ઉંચુ રહેવા સાથે ૧૧ દિવસ હીટવેવની હાલત રહેવાની આગાહી હવામાન વિભાગેકરી છે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા ચાલુ મે મહિનાનાં સંભવીત તાપમાનનો રીપોર્ટ જારી કરવામાં આવ્યો છે. વેધશાળાનાં વડા મૃત્યુંજય મહાપાત્રએ કહ્યું કે, એપ્રિલમાં તા.૫ થી ૭ અને પછી ૧૫ થી ૩૦ તારીખ દરમ્યાન બે તબકકામાં લુ-હીટવેવની સ્થિતિ સર્જાઈ હતી. સરેરાશ મહતમ તાપમાન ૩૧ ડીગ્રી નોંધાયુ હતું.

પૂર્વ તથા પૂર્વોતમ ભારતમાં સરેરાશ



ન્યુનતમ તાપમાન ૨૮.૦૨ ડીગ્રી નોંધાયુ હતું. ૧૯૦૧ પછીના ૧૨૩ વર્ષોમાં પ્રથમ વખત ન્યુનતમ તાપમાન આટલુ ઉંચુ નોંધાયુ છે. ૧૯૮૦ ના દાયકા બાદ દક્ષિણી ક્ષેત્રમાં સરેરાશથી વધુ તાપમાન નોંધાવાનું હવે કાયમી થઈ ગયુ છે.

તેઓએ કહ્યું કે, દક્ષિણ રાજસ્થાન, પશ્ચિમી મધ્યપ્રદેશ, વિદર્ભ, મરાઠાવાડા, તતા ગુજરાતમાં ૮ થી ૧૧ મે દરમ્યાન લુ સાથે હીટવેવની સ્થિતિ સર્જાઇ શકે છે. રાજસ્થાનનાં બાકીના ભાગો પૂર્વીય મધ્યપ્રદેશ, પંજાબ, હરીયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉતરપ્રદેશ, છતીસગઢ, ઓડીશા, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહાર, કર્ણાટક તથા તેલંગાણામાં ચાલુ મહીને ૫ થી ૭ દિવસ હીટવેવની સંભાવના છે. ઉતર ભારતનાં મેદાની ભાગો, મધ્યભારત તથા અન્યત્ર ત્રણ દિવસ લું ફુંકાશે.

તેઓએ, કહ્યું કે, એપ્રિલ મહિનામાં વરસાદ પડયો ન હોવાના કારણે પૂર્વ-પૂર્વોતર તથા દક્ષિણ ક્ષેત્રમાં ગરમીનો રાઉન્ડ આકરો રહ્યો છે. બંગાળની ખાડી તથા ભારતના પૂર્વીય તટો પર નીચલા સ્તરે ચક્રાવાત વિરોધી સીસ્ટમને કારણે વરસાદ ઓછો થયો હતો. સમુદ્ર તરફથી ફુંકાતા પવન ઓડીશા તથા પશ્ચિમ બંગાળ તરફ ફુંકાયા ન હતા.

હવામાન વિભાગનાં અનુમાન પ્રમાણે ચાલુ મે મહિનામાં ૯૧ થી ૧૦૯ ટકા વરસાદ થઈ શકે છે. ઉતર પશ્ચિમ ભારત મધ્ય ભારતનાં સમુદ્ર ભાગો તથા પૂર્વોતરના ક્ષેત્રોમાં સામાન્યથી વધુ વરસાદ શકય છે. એપ્રિલમાં પાંચ વેસ્ટર્ન ડીસ્ર્ટબન્સ સર્જાયા હતા. એટલે વખતોવખત હવામાન પલટો થતો રહ્યો હતો.

એપ્રિલ મહિનો છેલ્લા ૧૨૩ વર્ષનો સૌથી વધુ ગરમ રહ્યો હતો. એટલુ જ નહિં ૨૦૨૩ ની સરખામણીએ વધુ દિવસો હીટવેવની સ્થિતિ રહી હતી.મે મહિનામાં દેશના મોટાભાગનાં ક્ષેત્રોમાં તાપમાન નોર્મલથી વધુ રહેશે.ગુજરાત, રાજસ્થાન, જેવા ભાગોમાં નોર્મલ કરતા વધુ ૫ થી ૮ દિવસ હીટવેવ રહી શકે છે.

# પરમાણુ યુદ્ધ થાય તો ફકત ૭૨ મિનિટમાં જ 300 કરોડ લોકો મોતને ભેટી શકે

## રશિયાએ પરમાણુ હુમલાની તૈયારીઓ પૂર્ણ કરી છેઃ રશિયા માટે જાસૂસી કરનાર એક જર્મન સૈન્યના અધિકારીએ કર્યો ઘટસ્ફોટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નાટો દળોએ રશિયા-યુક્રેન યુદ્ધમાં પ્રવેશ કર્યો છે. રશિયન ઇન્ટેલિજન્સ અહેવાલો છે કે યુએસ અને ફ્રેન્ચ મરીન કમાન્ડો સીધા યુક્રેન યુદ્ધમાં પ્રવેશ્યા છે અને હવે નાટો એરફોર્સના પાઇલોટ્સ પણ લશ્કરી કાર્યવાહી શરૂ કરી શકે છે. તેનો સીધો અર્થ છે વિશ્વ યુદ્ધની ચેતવણી. રશિયા માટે જાસૂસી કરનાર એક જર્મન સૈન્ય અધિકારીએ કહ્યું છે કે રશિયાની પરમાણુ હુમલાની તૈયારી પૂર્ણ થઈ ગઈ છે. વ્લાદિમીર પુતિન કોઈપણ સમયે હાઈપરસોનિક મિસાઈલ વડે પરમાણુ હુમલાના આદેશ જારી કરી શકે છે. એવી આશંકા છે કે જો પરમાણુ યુદ્ધ ફાટી



નીકળશે તો ૭૨ મિનિટમાં પૃથ્વી પર ૫ હજાર પરમાણુ વિસ્ફોટ થશે અને અકલ્પનીય વિનાશ થશે.


# કોવિડ વેક્સિન સર્ટીફીકેટમાંથી વડાપ્રધાન મોદીની તસ્વીર દૂર કરાઈ

## સર્ટીફીકેટમાં વડાપ્રધાનની તસ્વીરને બદલે ફકત કયુઆર કોડઃ કોવિસિલ્ડ વેક્સિનના સર્જાયેલાં વિવાદનું કારણ કે આચાર સંહિતાનો અમલ?

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં કોરોના સામે રામબાણ ઈલાજ જેવી વેકસીનના મુદે હવે સર્જાયેલા વિવાદમાં એક નવો રસપ્રદ વળાંક આવ્યો છે. એક તરફ કોવિશિલ્ડ સામે છેક સુપ્રીમમાં તેની આડ અસર અંગે તપાસ માટે મેડીકલ બોર્ડ રચવાની રીટ અરજી થઈ છે તો બીજી તરફ વેકસીનના બે ડોઝ લીધા બાદ દેશભરમાં લોકોને ઓનલાઈન વેકસીન સર્ટીફીકેટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસ્વીર સાથેનું જે સર્ટીફીકેટ અપાયુ હતું તેમાંથી મોદીની તસ્વીર દુર કરી દેવામાં આવી છે.

અગાઉ સર્ટીફીકેટમાં વડાપ્રધાનની તસ્વીર સાથે દવાઈ ભી ઔર કડાઈ ભી એટલે કે દવાની સાથે કોરોના અંગે જે સાવચેતીના પગલા લેવાના હતા તેનો પણ આકરો અમલનો સંદેશો અપાયો હતો અને જણાવાયું હતું કે સૌ સાથે મળીને ભારત કોવિડ-૧૯ને પરાજીત કરશે. પરંતુ સ્વાસ્થ્ય મંત્રાલયે સ્વીકાર્યુ છે કે,




વેકસીન સર્ટીફીકેટમાંથી હવે વડાપ્રધાનની તસ્વીર જોવા મળશે નહી.

માઈક્રોબ્લોગીંગ પ્લેટફોર્મ એકસ પર લોકો આ અંગે ચર્ચા કરી રહ્યા છે. એક હેન્ડલ પર લખાયુ કે, કોવિડ વેકસીન સર્ટીફીકેટમાં હવે મોદીજી નજરે ચડતા નથી તે તપાસવા માટે જ સર્ટીફીકેટ ફરી ડાઉનલોડ કર્યુ અને વાસ્તવમાં મોદીની તસ્વીર ગાયબ થઈ ગઈ છે અને તેની જગ્યાએ કયુઆર કોડ આવી ગયો છે.

આ અંગે સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે એવું કારણ આપ્યુ છે કે, લોકસભા ચૂંટણીના કારણે આચારસંહિતાના કારણે વડાપ્રધાનની તસ્વીર વેકસીન સર્ટીફીકેટમાંથી દુર કરવામાં આવી છે. પરંતુ પ્રથમ વખત એવુ બન્યુ નથી. અગાઉ ૨૦૨૨ની ઉતરપ્રદેશ સહિતની ચુંટણી સમયે પણ ચુંટણીપંચના આદેશથી વડાપ્રધાનની તસ્વીર દુર કરાઈ હતી.

૨૦૨૧માં જ આ પ્રકારનો વિવાદ છેડાયો હતો તે સમયે અદાલતમાં પણ મુદો ગયો હતો અને તેમાં કેરળ હાઈકોર્ટે એવો ચૂકાદો આપ્યો હતો કે, દેશના વડાપ્રધાનની તસ્વીર આપણા વેકસીન સર્ટીફીકટ પર છે. બીજા દેશના સર્ટીફીકેટમાં તેમના વડાપ્રધાનની તસ્વીર ન હોય તો તેમને કદાચ તેમના ૨૦૨૧માં જ આ પ્રકારનો વિવાદ છેડાયો હતો તે સમયે અદાલતમાં પણ મુદો ગયો હતો અને તેમાં કેરળ હાઈકોર્ટે એવો ચૂકાદો આપ્યો હતો કે, દેશના વડાપ્રધાનની તસ્વીર આપણા વેકસીન સર્ટીફીકેટ પર છે. બીજા દેશના સર્ટીફીકેટમાં તેમના વડાપ્રધાનની તસ્વીર ન હોય તો તેમને કદાચ તેમના પીએમ પર ગર્વ નહી હોય પણ આપણને છે.

# તેલંગણાના પૂર્વ મુખ્યમંત્રી KCRને અપશબ્દો બોલવા ભારે પડ્યા, ચૂંટણી પંચે કરી કાર્યવાહી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

તેલંગણાના પૂર્વ મુખ્યમંત્રી અને ભારત રાષ્ટ્ર સમિતિ ના પ્રમુખ ચંદ્રશેખર રાવે કોંગ્રેસ વિરુદ્ધ અપશબ્દો બોલવા ભારે પડ્યા છે. કોંગ્રેસે તેમની સામે ફરિયાદ નોંધાવ્યા બાદ ચૂંટણી પંચ તેમના પર ૪૮ કલાક ચૂંટણી પ્રચારનો પ્રતિબંધ લગાવી દેવાયો છે. ચૂંટણી પંચે કેસીઆરને નોટીસ પાઠવી હતી, જેમાં આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા મામલે આ કાર્યવાહી કરી છે.

કોંગ્રેસ દ્વારા છ એપ્રિલે ફરિયાદ કરવામાં આવી હતી કે, એક ચૂંટણી સભામાં કેસીઆરે કોંગ્રેસ અંગે કથિત રીતે આપત્તિજનક શબ્દોનો ઉપયોગ કર્યો હતો. કોંગ્રેસના આક્ષેપોની તપાસ




કરવા માટે મુખ્ય ચૂંટણી અધિકારીએ ચૂંટણી પંચને એક રિપોર્ટ સોંપ્યો હતો. ત્યારબાદ પંચે ૧૬ એપ્રિલે કેસીઆરને કારદર્શક નોટિસ પાઠવી હતી.

બીજીતરફ કેસીઆરએ કોંગ્રેસના આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસે મારા તેલુગુ ભાષાના અંગ્રેજી ભાષાંતરને ખોટી રીતે રજુ કર્યા છે. તેમણે નોટિસના જવાબમાં ચંટણી પંચને કહ્યું કે, 'તેલંગણા અને સિરસિલામાં ચૂંટણીના પ્રભારી અધિકારી તુલુગુ નથી અને તેઓ સ્થાનિક તેલુગુ ભાષાને મુશ્કેલીથી સમજે છે. મેં પ્રેસ કોન્ફરન્સમાં આપેલા નિવેદનનો કોંગ્રેસે ખોટો અર્થ કાઢી ફરિયાદ કરી છે. કોંગ્રેસે મારા તેલુગુ ભાષામાં આપેલા નિવેદનનું અંગ્રેજી ભાષામાં કરાયેલા રૂપાંતરને ખોટી રીતે રજુ કર્યું છે, જે યોગ્ય નથી અને તેને ખોટી રીતે ચૂંટણી પંચમાં રજુ કરાયું છે.'

# મે મહિનામાં ૪ રવિવાર અને ૨ શનિવાર સિવાય અલગ-અલગ સ્થળોએ ૮ દિવસ સુધી બેન્કમાં કોઈ કામકાજ થશે નહીં

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મે મહિનો શરૂ થયો છે. આ મહિનામાં ૧૪ દિવસ સુધી બેંકોમાં કોઈ કામ નહીં થાય. વિવિધ કારણોસર, દેશમાં વિવિધ સ્થળોએ બેંકો ૮ દિવસ બંધ રહેશે. આ સિવાય ૪ રવિવાર અને ૨ શનિવારે પણ બેંકોમાં રજા રહેશે. મહિનાની શરૂઆત રજા સાથે થઈ રહી છે.

બેલાપુર, બેંગલુરુ, ચેન્નઈ, ગુવાહાટી, હૈદરાબાદ, કોચી, કોલકાતા, મુંબઈ, નાગપુર, પણજી, પટના અને ત્રિવેન્દ્રમમાં ૧ મેના રોજ મહારાષ્ટ્ર દિવસ/મે દિવસના કારણે બેંકો બંધ રહેશે. તે જ સમયે, લોકસભા ચૂંટણીના મતદાનને કારણે મે મહિનામાં કેટલાક રાજ્યોમાં બેંકો ૩ દિવસ માટે બંધ રહેશે.

બેંકની રજાઓ હોવા છતાં તમે




ઓનલાઈન બેંકિંગ અને અઝખ દ્વારા પૈસાની લેવડદેવડ અથવા અન્ય કામ કરી શકો છો. બેંક રજાઓની આ સુવિધાઓ પર કોઈ અસર પડશે નહીં.

મે ૨૦૨૪માં ૮ દિવસ સુધી શેરબજારમાં કોઈ ટ્રેડિંગ થશે નહીં. શનિવાર અને રવિવારે ૬ દિવસ સુધી કોઈ વેપાર થશે નહીં. આ ઉપરાંત ૧લી મેના રોજ મહારાષ્ટ્ર દિવસ અને ૨૦મી મેના રોજ મુંબઈમાં લોકસભાની ચૂંટણીના દિવસે પણ શેરબજાર બંધ રહેશે.


# પતંજલી કેસમાં આટલા વર્ષ ક્યાં સુઈ ગયા હતા, ઉત્તરાખંડ સરકારને રૂ. ૧ લાખનો દંડ

## આઈએમએ અધ્યક્ષને પણ પરિણામ ભોગવવા સુપ્રીમની ચેતવણી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પતંજલી આયુર્વેદની ભ્રામક જાહેરાતોના કેસમાં સુપ્રમ કોર્ટના આકારા વલણ પછી ઉત્તરાખંડ સરકારે આખરે પતંજલીના ૧૪ ઉત્પાદનો પર પ્રતિબંધ મૂકી દીધો છે ત્યારે સુપ્રીમ કોર્ટે મંગળવારે સુનાવણી સમયે ઉત્તરાખંડ સરકારની ઝાટકણી કાઢી હતી અને રૂ. ૧ લાખનો દંડ ફટકાર્યો હતો. બીજીબાજુ ઈન્ડિયન મેડિકલ એસોસિએશનને પણ સુપ્રીમ કોર્ટે આડા હાથે લીધું હતું. આઈએમએના અધ્યક્ષના નિવેદન સામે વાંધો ઉઠાવ્યો હતો અને તેમને પણ પરિણામ ભોગવવાની ચેતવણી આપી હતી.

પતંજલિ આયુર્વેદ કેસની સુનાવણી સમયે મંગળવારે ન્યાયાધીશ હિમા કોહલી અને ન્યાયાધીશ અહસાનુદ્દીન અમાનુલ્લાહની બેન્ચે ઉત્તરાખંડ સરકારની રાજ્ય લાયસન્સિંગ ઓથોરિટી (એસએલએ)ને સવાલ કર્યો હતો કે, વર્ષો સુધીમ તમે ક્યાં સુઈ ગયા હતા. આ બધું તમારા નાક નીચે થતું હતું, પરંતુ અત્યાર



સુધી તમે તેમની સામે કોઈ કાર્યવાહી કેમ ના કરી ? આ સાથે બેન્ચે ઉત્તરાખંડના આયુષ વિભાગના સંયુક્ત ડિરેક્ટરની પણ ઝાટકણી કાઢી હતી.

બેન્ચે કહ્યું કે, એવું લાગે છે કે કોર્ટના આકરા વલણ પછી જ તમારી ઊંઘ ઊડી અને છેક હવે તમે ભ્રામક જાહેરાતોના કેસમાં પતંજલિ વિરુદ્ધ કાર્યવાહી કરી છે. ઉત્તરાખંડ આયુષ વિભાગે એક દિવસ પહેલા જ પતંજલિના ૧૪ ઉત્પાદનોના લાયસન્સ રદ કર્યા છે. કોર્ટે આ પગલાં અંગે કહ્યું કે, તમે કાર્યવાહી કરવા માગતા હોત તો ઘણા સમય પહેલાં જ આ કામ કર્યું હોત, પરંતુ તમે પગલાં લેવા માગતા ના હોવ તો તેમાં વર્ષો લાગી જાય છે.

બેન્ચે કહ્યુ કે, છેલ્લા ૭-૮ દિવસમાં તમે એ બધું જ કરી નાંખ્યું, જે તમારે પહેલા કરવાની જરૂર હતી. તમે વર્ષો સુધી નિષ્ક્રિય રહ્યા. છ વર્ષ સુધી બધું અધ્ધરતાલ રહ્યું. આ સાથે બેન્ચે આયુષ વિભાગના સોગંદનામા અંગે અસંતુષ્ટી વ્યક્ત કરી હતી અને તેના ઢીલાશપૂર્ણ વલણ બદલ લાયસન્સિંગ ઓથોરિટીને રૂ. ૧ લાખનો દંડ ફટકાર્યો હતો.

દરમિયાન આ કેસમાં સુપ્રીમ કોર્ટે પતંજલિ આયુર્વેદ વિરુદ્ધ ફરિયાદ કરનારા ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ)ની પણ આકરી ટીકા કરી હતી. બેન્ચે આઈએમએને સલાહ આપતા કહ્યું કે, તમારે તમારા ડોક્ટરો અંગે પણ વિચારવું જોઈએ. મોટાભાગે તેઓ મોંઘી અને બીનજરૂરી દવાઓ દર્દીઓને લખી નાંખે છે. તમે એક આંગળી બીજા તરફ ઉઠાવો છો ત્યારે તમારી જ ત્રણ આંગળી તમારા તરફ ઊઠેલી હોય છે. સુપ્રીમ કોર્ટની આ ટીપ્પણી સામે આઈએમએના અધ્યક્ષ ડો. આરવી અશોકને એક મુલાકાતમાં વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટની આ ભાષા યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટની ટીપ્પણી એક તરફી છે. તેણે આ પ્રકારનું વર્તન ના કરવું જોઈએ. કોર્ટનું નિવેદન દુર્ભાગ્યપૂર્ણ અને તેની મર્યાદાથી વિપરિત છે. તેનાથી ખાનગી ડોક્ટરોનું મનોબળ તૂટે છે. આઈએમએના અધ્યક્ષના આ નિવેદન અંગે બાબા રામદેવના વકીલ મુકુલ રોહતગીએ બેન્ચનું ધ્યાન દોર્યું હતું. જવાબમાં બેન્ચે આ નિવેદન સામે વાંધો ઉઠાવ્યો હતો. બેન્ચે આઈએમએના વકીલને કહ્યું કે, તમે કેવી રીતે નક્કી કરી શકો કે કોર્ટે શું બોલવું. આવું કંઈક હશે તો આઈએમએના અધ્યક્ષે તેના ગંભીર પરિણામ ભોગવવા પડશે.

દરમિયાન બેન્ચે ભ્રામક જાહેરાત કેસમાં યોગ ગુરુ રામદેવ, તેમના સહયોગી બાલકૃષ્ણ આચાર્ય અને પતંજલિ આયુર્વેદ લિ. દ્વારા જાહેર માફીમાં 'ઉલ્લેખનીય સુધાર'ની પ્રશંસા કરી હતી. બેન્ચે કહ્યું કે, અંતે તેમને સમજમાં આવી ગયું. હકીકતમાં પહેલા માફીનામું પ્રકાશિત થયું હતું ત્યારે તેમાં માત્ર કંપનીનું જ નામ હતું. હવે માફીનામામાં સુધારો કરાયો છે, જેની અમે પ્રશંસા કરીએ છીએ.

# ખંભાળિયાના ગ્રામ્ય વિસ્તારમાં ધમધમતા જુગારના અખાડા પર એલસીબીનો દરોડોઃ રૂ. ૧.૦૫ લાખના મુદ્દામાલ સાથે છ ઝબ્બે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ખંભાળિયા પંથકમાં એલ.સી.બી. પોલીસ દ્વારા ચૂંટણીને અનુલક્ષીને હાથ ધરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત સ્થાનિક ગુના શોધક શાખાના પોલીસ ઈન્સ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એલ.સી.બી.ના એ.એસ.આઈ. મશરીભાઈ ભારવાડીયા, લાખાભાઈ પિંડારિયા તથા અરજણભાઈ આંબલીયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા નજીક આવેલા હાપીવાડી સીમ વિસ્તારમાં રહેતા વીરપાલ હરદાસ મશુરા નામના ૫૫ વર્ષના ગઢવી આધેડ દ્વારા આ જ વિસ્તારમાં માલદે વિરમ સિંધિયાની વાડીએ આવેલા રહેણાંક મકાનમાં પોતાના અંગત ફાયદા માટે



બહારથી જુગાર રમવા માટે જુગારીઓને બોલાવી અને અહીં તેના દ્વારા જુગારીઓને ચા-પાણી, લાઈટ અને જુગારના સાધનોની વ્યવસ્થા પૂરી પાડી અને ચાલતા જુગારના અખાડા પર દરોડો પાડવામાં આવ્યો હતો.

આ સ્થળેથી પોલીસે હરીપર ગામના વીરપાલ હરદાસ મશુરા, સલાયાના અલીઅકબર રજાક સંઘાર, અજીજ જુમા સુરાણી, ઉમર કાસમ બંદરી, લલિયા ગામના ધારા જેસા ધારાણી અને ભીંડા ગામના ગોવિંદગર નથુગર ગોસાઈ નામના છ શખ્સોને દબોચી લીધા હતા.ઝડપાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂપિયા ૩૮,૯૫૦ રોકડા, રૂપિયા ૧૧,૫૦૦ ની કિંમતના પાંચ નંગ મોબાઈલ ફોન તેમજ રૂપિયા ૫૫,૦૦૦ ની કિંમતના ત્રણ મોટરસાયકલ મળી, કુલ રૂપિયા ૧,૦૫,૪૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલની સૂચના મુજબ પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી, એ.એલ. બારસીયા, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, મસરીભાઈ ભારવાડીયા, લાખાભાઈ પિંડારિયા, ભરતભાઈ જમોડ, દિનેશભાઈ માડમ તથા અરજણભાઈ આંબલીયા દ્વારા કરવામાં આવી હતી

# વાંકાનેરમાં નોટના નંબર પર જુગાર રમતાં ત્રણ શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર વાંકાનેર સીટી પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન જીનપરા જકાતનાકા નાજી આવેલ રાજ એન્ટરપ્રાઇઝ પાસે જાહેરમાં ચલણી નોટના નંબર ઉપર પૈસાની હારજીતનો નસીબ આધારિત નોટ નંબરીનો જાહેરમાં જુગાર રમતા દિપકભાઈ બીપીનભાઈ નરસાણા ઉવ.૩૬ રહે.વાંકાનેર ભાટીયા સોસાયટી, મીતેશભાઈ કિશોરભાઈ રાજવીર ઉવ.૨૮ રહે.વાંકાનેર ભાટીયા સોસાયટી લાલાના માવાવાળી શેરી તથા સલીમભાઈ અલીભાઈ બાદી ઉવ.૩૯ રહે.વાંકાનેર આશીયાના સોસાયટીને રોકડા રૂ.૫,૧૫૦ સાથે ઝડપી લેવાયા હતા. ત્યારે પજડાયેલ ત્રણેય આરોપીઓ સામે વાંકાનેર સીટી પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં મહિલાના ગળામાંથી સોનાના ચેઈનની ચીલઝડપ કરનાર રાજકોટના શખ્સને ઝડપી લેવાયો

## પકડાયેલ આરોપી રાજકોટ તથા જામનગરના કુલ આઠ કેસમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી આલાપરોડ, નવજીવન પાર્કમાંથી સાતેક દિવસ પહેલા મહિલાના ગળામાંથી સોનાનો ચેઈન ઝુંટવી જનાર રાજકોટની સમડી ગેંગના રીઢા ચોર સાગરીતને સોનાનો ચેઇન તથા ચીલઝડપ કરવા ઉપયોગમાં લીધેલ બાઈક મળી કુલ કી.રૂ.૧,૨૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે મોરબી એલસીબી પોલીસ દ્વારા ગણતરીના દિવસોમાં ઝડપી લેવામાં આવી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર ગત તા.૨૪/૦૪ના રોજ મોરબીના આલાપ રોડ નવજીવન પાર્ક સોસાયટીમાં શેરીમાં બહાર બેઠેલા મહિલા પાસે જઈ સરનામું પૂછવાના બહાને મહિલાના ગળામાંથી સોનાનો ચેઇન આચકી એક અજાણ્યો શખ્સ દોડીને ભાગી જઈ થોડે દૂર પાર્ક કરેલ પોતાના બાઈક ઉપર ચેઇનની ચીલઝડપ કરી ભાગી ગયો હોય ત્યારે





મહિલા દ્વારા મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ઉપરોક્ત ચીલઝડપના ગુનાના આરોપીને પકડી પાડવા મોરબી જીલ્લા પોલીસ દ્વારા મોરબી તથા આજુબાજુના જીલ્લાઓમાં આ પ્રકારના બનેલ બનાવો જેના આરોપીઓની એમ.ઓ. ફોટોગ્રાફ અંગેની સંપૂર્ણ માહીતી મેળવી તે આધારે આરોપીઓ બાબતે ખાનગી બાતમીદારો મારફતે તપાસ કરી આરોપીઓની ઓળખ મેળવવા પ્રયત્નો શરુ કરી તેમજ વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત લગાડવામાં આવેલ સી.સી.ટી.વી. ફુટેજ તપાસી નંબર વગરના બાઈક અંગેની માહીતી મેળવી એલ.સી.બી.સ્ટાફ તથા મોરબી સીટી એ ડીવી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફને આપવામાં આવી હતી. તે દરમિયાન એલ.સી.બી.પોલીસ ટીમને ખાનગીરાહે હકિકત મળેલ કે આ ચીલઝડપનો ગુનો આચરનાર અજય માનસીંગભાઇ કોળી રહે.રાજકોટ વાળો હાલ મોરબી જુના બસસ્ટેન્ડ પાસે બાઈક સાથે ઉભેલ હોવાની હકિકત મળતા સ્થળ ઉપર જઈને તપાસ કરતા ઉપરોક્ત આરોપી ત્યાંથી મળી આવેલ જે આરોપીને મોરબી એલ.સી.બી. કચેરી ખાતે લાવી સઘન પુછપરછ કરતા આ ગુનો તેણે આચરેલાની કબૂલાત આપી હતી. આ સાથે આરોપી અજય માનસીંગ પરસોંડા ઉવ-૨૭ રહે.રાજકોટ રાધે ડેરી, વાળી શેરી ઈન્ડીયન આવાસના કવાટર્સમાં પાસેથી પોલીસે ચીલઝડપમાં આંચકીને લઇ ગયેલ સોનાનો ચેઇન તથા ગુનામાં વપરાયેલ બાઈક મળી કુલ કી.રૂ.૧,૨૦,૦૦૦/- ના મુદ્દામાલ કબ્જે કરી ગણતરીના દિવસોમાં ચીલઝડપના ગુનાના આરોપીને ઝડપી લેવામાં સફળતા મળી હતી.

# મોરબીમાંથી ચોરાઉ બાઈક સાથે એક શખ્સની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે મોરબીના રવાપર ધુનડા ચોકડી પાસેથી ચોરાઉ બાઈક સાથે રીઢા બાઈક ચોરને ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ચોરાઉ બાઈક કબ્જે લઇ આરોપી સામે વધુ એ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



મળતી માહિતી અનુસાર મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકના એએસઆઇ રાજદીપસિંહ રાણા, પો.હેડકોન્સ ધર્મેન્દ્રભાઇ વાઘડીયા તથા પો.કોન્સ સિધ્ધરાજસિંહ જાડેજાને ખાનગીરાહે બાતમી મળેલ કે ચોરાઉ મોટર સાયકલ સાથે આરોપી રાકેશભાઇ કરશનભાઇ સોલંકી મોરબી રવાપર ધુનડા ચોકડી બાજુ આવતો હોવાની હકિકત આધારે વોચ ગોઠવી તપાસમાં ઉભા હોય તે ઉપરોક્ત આરોપી એક સ્પ્લેન્ડર પ્લસ બાઈક ઉપર આવતા તેને રોકી બાઇકના કાગળો માંગતા તેની પાસે નહી હોવાનુ જણાવતા પોલીસ ટીમે પોકેટ કોપથી સર્ચ કરતા ઉપરોક્ત સ્પ્લેન્ડર પ્લસ બાઈક મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ બાઈક ચોરીની ફરિયાદ મુજબનુ ચોરીનુ હોવાનુ સામે આવ્યું હતું. ત્યારે રીઢો બાઈક ચોર આરોપી રાકેશભાઇ કરશનભાઇ સોલંકી ઉવ.૩૨ રહે.ટંકારા ઉગમણા નાકે ખાડીયાવાસની સ્થળ ઉપરથી અટકાયત કરી હતી. આ સાથે રીઢા બાઈક ચોર પાસેથી સ્પ્લેન્ડર પ્લસ બાઈક રજી. નં. જીજે-૦૩-ડીએચ-૪૫૮૭ કબ્જે લઇ આગળની વધુ તપાસની તજવીજ હાથ ધરી છે. અત્રે ઉલ્લખનીય છે કે પકડાયેલ રીઢા બાઈક ચોર સામે ટંકારા, રાજકોટ,જામનગર તથા ધ્રોલ પોલીસ મથકમાં એમ અલગ અલગ સાત ગુના નોંધાયેલ છે.

# વાંકાનેરમાં ફાયરીંગ કરી વ્યાજની પઠાણી ઉઘરાણીના ગુનામાં સંડોવાયેલ બે આરોપીને પાસા તળે જેલ હવાલે કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

લોકસભા ચુંટણી અનુસંધાને મોરબી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેમજ લોકો નિર્ભીક રીતે લોકશાહીના પર્વની ઉજવણી કરી શકે તે માટે અસમાજિક પ્રવૃતિમાં સંડોવાયેલ બે ઇસમોને વાંકાનેર તાલુકા પોલીસે પાસા હેઠળ ડીટેઇન કરી અલગ-અલગ જીલ્લાની જેલમાં મોકલી આપેલ છે.

મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓની સૂચના મુજબ આગામી સમયમાં લોકસભા ચુંટણી યોજાનાર હોય જે ચુંટણી શાંતીપુર્ણ અને ભયમુકત વાતાવરણમાં યોજાય અને આદર્શ આચારસહિતાનો અમલ થાય તે હેતુથી





મોરબી જીલ્લામાં અસમાજિક તત્વો ઉપર અટકાયતી પગલા લેવા સુચના કરતા જે અનુસંધાને વાંકાનેર વિભાગ નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ.સારડા તથા વાંકાનેર સીપીઆઇ તથા વી.પી.ગોલના માર્ગદર્શન હેઠળ વાંકાનેર તાલુકા પોલીસ મથકના પીએસઆઈ એલ.એ.ભરગાએ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જાહેરમાં ફાયરીંગ કરી વ્યાજની પઠાણી ઉઘરાણી કરનાર ધર્મેન્દ્રસિંહ વખતસિંહ ઝાલા તથા જયદીપસિંહ ધર્મેન્દ્રસિંહ ઝાલા રહે.બંન્ને અરણીટીંબા તા.વાંકાનેર વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોરબી જીલ્લા મેજીસ્ટ્રેટને મોકલતા તેમના દ્વારા પાસા દરખાસ્ત મંજુર કરી વોરંટ ઇસ્યુ કરવામાં આવેલ જેથી બંને આરોપીને ડીટેઇન કરી અમદાવાદ તથા સુરત જેલ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

# રાહુલ ગાંધીએ રાજા-મહારાજા અંગે કરેલી ટીપ્પણી બાદ જામસાહેબે આપી પ્રતિક્રિયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જામસાહેબ શત્રુશલ્યસિંહજીએ પ્રતિક્રિયા આપી છે.ક્ષત્રિય સમાજ અંગે પરસોત્તમ રૂપાલાએ કરેલા નિવેદન બાદ જામસાહેબ તરફથી બે પત્ર લખી પ્રતિક્રિયા આપવામાં આવી હતી. ત્યારબાદ રાહુલ ગાંધીએ રાજા-મહારાજાઓ અંગે કરેલી ટીપ્પણીનો વીડિયો વાઈરલ થતા સર્જાયેલા વિવાદ અંગે પણ જામસાહેબ શત્રુશલ્યસિંહજીએ પ્રતિક્રિયા આપી છે. જામનગરના રાજવી જામ રણજીતસિંહજીના સમયની એક સત્ય ઘટનાનો ઉલ્લેખ કરી રાજામહારાજાઓ કઈ રીતે કામ કરતા હતા તેના ઉદાહરણ સાથેનો પત્ર લખ્યો છે.જામ સાહેબ દ્વારા લખવામાં આવેલો પત્ર શબ્દશ રાજાશાહીના વખતમાં બનેલ સત્ય હકીકત રાહુલ ગાંધીની માહિતી માટે હકીકત મને (શ.દિ.જાડેજા)ને લાગુ પડતા ખેડૂત આગળથી જાણવા મળે જ્યારે મહારાજા જામસાહેબ રણજીતસિંહજી ઓફ નવાનગર તેમનું નવું ગેસ્ટ હાઉસ બનાવી રહ્યા હતા. તે સમય દરમ્યાન એક દિવસ તેઓ ઘોડેસવારીએ એક નાની વાડી જે એમના નવા ગેસ્ટ હાઉસથી નજીકમાં હતી તેની મુલાકાતે ગયા. જામસાહેબે આ વાડીના માલિક ખેડૂતને પ્રશ્ન કર્યો કે એમને ગેસ્ટ હાઉસના ઉપયોગ માટે અહીં બગીચો બનાવવો હોય તો આ વાડી મને (જામસાહેબને)આપવા તૈયાર છો ?



ખેડૂતે જામસાહેબને એમ સમજાવવાની અરજ કરી કે આ વાડી ઉપર મારું અને મારા પરિવારના ગુજરાનનો આધાર છે. અમે આ વાડી છોડી દઇએ તો અમે અમારું ગુજરાન કેમ કરીએ ! જવાબમાં જામસાહેબે ખેડૂતને કહ્યું કે તમે આ વાડી મને સોંપો તો એના બદલામાં હું તમને એટલી ને એટલી ખેતીની જમીન આપું. પરંતુ ખેડૂતે નમ્રતાથી કહ્યું કે પોતે જે વાડી સોંપશે તે બહુજ ઉત્તમ ખેતીવાળી છે, જેની સામે આપ અમને જમીન આપશો એ તો પડતર જમીન હશે. એના અનુસંધાને જામસાહેબે ખેડૂતને કહ્યું કે તમે એક વર્ષનો સમય લઇને નવાનગર સ્ટેટની માલિકીની ગમે તે તમને લાયક જમીન દેખાય અને તમને જે પસંદ હોય તે જમીન હું તમને આપીશ. અમુક સમય બાદ જ્યારે ખેડૂતે જામસાહેબને જણાવ્યું કે તેણે એક જમીન પસંદ કરી છે. ત્યાર પછી એક રાજનો અમલદાર ગાડી લઇને ખેડૂતને તે જમીન દેખાડવા લઇ ગયો. જમીન જોયા પછી ખેડૂતને પાછો ઘરે પહોંચાડી અને કહ્યું કે હવે તમે રાહ જોજો કારણ કે, અમારે આ કામની કાનૂની વિધિ કરવાની છે જે પૂરી થતા તમને જણાવશું ઘણા દિવસો વીતી જતાં, ખેડૂતના પરિવારના સભ્યો કહેવા લાગ્યા કે મહારાજા આપણી સાથે તો બહુજ સારી રીતે વાતો કરી ગયા પરંતુ પછી બધુ ભૂલી ગયા લાગે છે. સારી વાત એ હતી કે અચાનક એક દિવસ તે જ રાજના અમલદાર પાછા એ ખેડૂતની વાડીએ આવ્યા અને ખેડૂતને વિનંતી કરી અને જમીન જોવા લઇ ગયા. જમીન જોતા ખેડૂતે અમલદારને કહ્યું કે સાહેબ મેં તો એક નાનકડી અને બિલકુલ ઉજ્જળ જમીન પસંદ કરી હતી, જ્યારે આ જમીન તો બમણી મોટી છે, તેમાં સરસ મોટો પાણીથી ભરેલો કૂવો છે, સરસ મકાન ઉભું છે અને જમીનમાં બાજરાનો પાકેલો મોલ ઉભો છે. આ મારી બતાવેલી જમીન કેમ હોય ? તેના જવાબમાં અમલદારે ખેડૂતને સમજાવ્યું કે જામસાહેબે એવો નિર્ણય લીધો કે તમને તમારી વાડી કરતા બમણી જમીન આપવી,ત્યાં મોટો કૂવો ગાળવો, તેઓને રહેવા એક સારું મકાન બાંધી દેવું અને તેમના માટે બાજરાનો મોલ ઉભો કરી દેવો. એટલે આ તમારી પસંદ કરેલી જમીન જ છે અને તેના ઉપર આ બધુંય કામકાજ રાજના ખર્ચે કરેલ છે.ખેડૂત આશ્ચર્ય પામી ગયો. રાજાશાહીના વખતમાં રાજા-મહારાજાઓ આવી રીતે કામ હતા.

# જામનગરના ત્રણ પોલીસ કર્મી નિવૃત્ત થતાં એસપીએ પ્રમાણપત્ર-શુભેચ્છા પાઠવ્યા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ત્રણ પોલીસકર્મી નિવૃત્ત થતાં એસપીએ પ્રમાણપત્ર-શુભેચ્છા પાઠવ્યા.જામનગરના પોલીસબેડામાં ફરજ બજાવતા પીએસઆઈ વાય.આર. જોષી, એએસઆઈ ભીખુભા પી. ઝાલા, આર્મ્ડ એએસઆઈ કિશોરભાઈ આર. દવે વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુએ તેઓને મોમેન્ટો તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરી શુભેચ્છા પાઠવી હતી.

# જામનગર જિલ્લાની મહિલાઓ દ્વારા મહેંદીના માધ્યમથી મતદાન જાગૃતિનો પ્રયાસ કરવામાં આવ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લોકસભા ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત જામનગર જિલ્લામાં વિવિધ જગ્યાઓ પર મતદાન જાગૃતિલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે મતદાન કરવા અંગેના મહાપર્વમાં ભાગ લેવા માટે દરેક નાગરીકો ઉત્સાહભેર અવનવા કાર્યક્રમોમાં સહભાગી બની રહ્યાં છે. જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાની આંગણવાડીઓમાં મહેંદી સ્પર્ધા અને રંગોળી જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

જામજોધપુર વિધાનસભામાં મતવિસ્તારમાં સમાવિષ્ટ આંગણવાડી કેન્દ્રો જેમાં બાલવા, પરડવા, સમાણા તેમજ વિવિધ ગામડાઓમાં કિશોરીઓ, માતાઓ, બહેનો દ્વારા મતદાન જાગૃતિ





અંગેના સુત્રોની મહેંદી મૂકીને અચૂક મતદાન કરવા અંગે મતદાન જાગૃતિનો પ્રયાસ કરવામાં આવ્યો હતો મહિલાઓએ વોટ ફોર બેટર હું મતદાન કરીશ જ મતદાન મેરા અધિકાર ૭ મે મતદાન દિવસ સહિતનાં સ્લોગન સાથે મહેંદી મૂકી પોતાના પરિવારજનો તથા અન્ય ગામલોકોને મતદાન કરવા પ્રેરિત કર્યાં હતાં. તેમજ રંગોળીઓ પણ બનાવવામાં આવી હતી.

# જામનગર જિલ્લાના ખેડૂતો માટે બિયારણની ખરીદી અંગે કાળજી રાખવાની માર્ગદર્શિકા જાહેર કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના તમામ ખેડૂતો માટે આગામી ખરીફ ઋતુમાં વાવેતર માટે બિયારણની ખરીદી કરતી વખતે કાળજી રાખવા અંગેની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જે અનુસાર, ખેડૂતોએ બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ કે પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવી જોઈએ. કોઈપણ સંજોગોમાં લાયસન્સ કે પરવાનો ધરાવતા ન હોય, તો તેવા વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી કરવી જોઈએ નહીં. જેથી ખેડૂતો છેતરપીંડીથી બચી શકે.

ખેડૂતોએ બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પૂરું



નામ, સરનામું અને જે બિયારણની ખરીદી કરી હોય તેનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને મુદ્દત પૂરી થવાની વિગત દર્શાવતું બિલ સહી સાથે અવશ્ય લેવું જોઈએ. બિયારણની થેલી સીલબંધ છે કે કેમ, તેમજ તેની મુદ્દત પૂર્ણ થઈ ગયેલી નથી તે બાબતની ખાસ ચકાસણી કરવી જોઈએ.

કોઈપણ સંજોગોમાં મુદ્દત પૂર્ણ થઈ ગયેલી હોય તેવા બિયારણની ખરીદી કરવી જોઈએ નહીં. ખાસ કરીને કપાસ પાકના બિયારણની થેલી અથવા પેકેટ કે જેના પર ઉત્પાદકનું નામ, સરનામું અને બિયારણના ધારાધોરણો દર્શાવ્યા ન હોય કે ૪ જી અને ૫ જી જેવા અલગ અલગ નામેથી વેચાતા અમાન્ય બિયારણની ખરીદી કરવી જોઈએ નહીં. તેમજ આ પ્રકારના બિયારણનું વેંચાણ થતું હોવાનું જો ધ્યાનમાં આવે, તો તાત્કાલિક ધોરણે સંબંધિત તાલુકાના ખેતીવાડી અધિકારી અથવા અત્રેની કચેરીના સંપર્ક નંબર ૦૨૮૮-૨૫૫૧૧૩૭ પર જાણ કરવી જોઈએ.તેમજ વાવણી કર્યા બાદ ખરીદેલા બિયારણનું પેકેટ કે થેલી અને તેનું બિલ સાચવી રાખવું જોઈએ. તેમ નાયબ ખેતી નિયામક વિસ્તરણ, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ૪૦ દિવસમાં ૬૬ રેલી, ૧૦૦૦ થી વધુ 'ચુનાવ પાઠશાળા' સહિતના કાર્યક્રમોમાં ૭૭ હજારથી વધુ લોકોની સહભાગિતા

## સાયકલ, બાઈક રેલી, વોકાથોન, માનવ સાંકળ થકી વ્યાપક મતદાન જાગૃતિઃ મતદારોને મતદાન પ્રક્રિયાથી અવગત કરાવતી 'ચુનાવની પાઠશાળા'





**મુખ્ય સમાચાર, રાજકોટ**

'મતદાન ચોક્કસ કરીએ અને કરાવીએ', 'મારો મત કિંમતી મત... સહિતના નારા, બેનર્સ સાથે રોજના ૨૫ થી વધુ મતદાન જાગૃતિના કાર્યક્રમોએ રાજકોટ જિલ્લામાં મતદાતાઓને મતદાન કરવા માટે અનન્ય પ્રેરણા પુરી પાડી છે. જેનો શ્રેય રાજ્ય ચૂંટણી આયોગ અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને જાય છે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાર શિક્ષણ, મતદાર જાગૃતિ ફેલાવવા અને ભારતમાં મતદાર સાક્ષરતાને પ્રોત્સાહન આપવા માટે સ્વીપ (સુવ્યવસ્થિત મતદાર શિક્ષણ અને મતદારની ભાગીદારી ) કાર્યક્રમ ચલાવવામાં આવે છે.


લોકસભા ચૂંટણી - ૨૦૨૪ જાહેરાતના પ્રારંભ સાથે રાજકોટ જિલ્લામાં મતદાર જાગૃતિ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જે અન્વયે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સ્વીપ ના નોડલ ઓફિસર શ્રી જીજ્ઞાસાબેન ગઢવી અને તેમની ટીમ દ્વારા રાજકોટ શહેર અને જિલ્લામાં અનેક વિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા.

૨૬ એપ્રિલ સુધીમાં એટલે કે લગભગ ૪૦ દિવસના ગાળામાં ૬ જેટલી સાયકલ રેલી યોજવામાં આવી. જેમાં ૪૪૨ જેટલા લોકો સહભાગી બની ''મારો મત- કિંમતી મત''ગલી ગલીમાં ગુંજતો કર્યો. વિવિધ કોલેજોમાં ૫૨ વોકાથોન કાર્યક્રમોમાં ૪,૮૦૬ વિદ્યાર્થીઓએ કદમથી કદમ જોડી લોકશાહીના પાયાને મજબૂતીનું બળ પૂરું પાડ્યું. તો ૮ જેટલા માનવ સાંકળના કાર્યક્રમોમાં ૨,૨૯૭ જેટલા લોકોએ જોડાઈ ''મતદાન એ સૌની સહભાગિતા''નો સંદેશો પાઠવ્યો.

આ સાથે તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ મતદારોને જાગૃત કરવા ચુનાવ પાઠશાળાએ ગ્રામીણ લોકોને મતદાનના પાઠ ભણાવ્યાં. મતદાન પ્રક્રિયા કેવી રીતે થતી હોય છે, તેનુ પ્રત્યક્ષ નિદર્શન રજુ કરવામાં આવ્યું. લોકોને મતદાન કેવી રીતે કરવું તેની સમજ આપતા ૧,૦૭૯ જેટલા કાર્યક્રમોમાં જિલ્લામાં ૭૦,૨૮૮ લોકોએ સહભાગી બની મતદાન કરવાના શપથ લીધા. આ સાથે ''નો યોર પોલીંગ સ્ટેશન'' કે જ્યાં મતદાન બુથ, વિભાગ, નોંધણી સ્થળની મતદાન પહેલાં જ ઓળખ મળે તેવા કાર્યક્રમો પણ હાથ ધરી મતદારોને વધુ ને વધુ કેમ સરળતા મળી રહે, તેવો અભિગમ પણ ચુંટણી વિભાગ દ્વારા અપનાવવામાં આવી રહ્યો છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# અટલ સરોવરમાં પ્રથમ દિવસે જ હજારોની મેદની ઉમટીઃ લેસર એન્ડ સાઉન્ડ શોએ જમાવ્યું આકર્ષણ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટની ભાગોળે બીજા ૧૫૦ ફટ રીંગ રોડ પર અટલસરોવર ગઈકાલે જાહેર જનતા માટે ખુલ્લુ મૂકાતા જ રાજકોટવાસીઓએ સરોવરને જોવા દોટ લગાવી હતી. એક સમયે ભીડને કાબુમાં લેવા તંત્રના પગે પાણી ઉતર્યા હતા. ગઈકાલે અટલસરોવર ખુલ્લુ મૂકાયા બાદ સાંજે ટીકીટ બારી પર બે કીલોમીટરની લાંબી લાઈનો લાગી હતી. નોંધનીય છે કે મનપા દવારા આ સરોવરનું સંચાલન ખાનગી કંપનીને સોપીં દેવાયું હતું. અટલસરોવરમાં રાઈડસ સહિતની અન્ય સુવિધા એક મહિના બાદ શરૂ થાશે જોકે ગઈકાલે મ્યુજિકલ ફાઉન્ટેનનો લાઈટ એન્ડ સાઉન્ડ શો યોજાયો હતો. જેને પાંચ હજાર લોકોએ માણ્યો હતો. ગઈકાલે સંગીતના તાલે લોકોએ ગરબા લીધા હતા. રાત્રીના મોડા સુધી ભીડ જેમની તેમ રહી હતી. ગઈકાલની મેદની જોતા ખાનગી એજન્સી માટે યોગ્ય વ્યવસ્થા કરવી પડે તેવી માંગ ઉઠી છે.


## હળવદની હોટલમાં પાણીની બોટલ લેવા ઉતરેલ કાર ચાલકની નજર ચૂકવી લિફ્ટ લેનાર અજાણ્યો શખ્સ કાર લઈ રફુચક્કર

**મુખ્ય સમાચાર, મોરબી**


કચ્છના ગાંધીધામથી યુવક પોતાની કાર લઈને ગાંધીધામથી અમદાવાદ જતો હોય ત્યારે એક અજાણ્યા વ્યક્તિએ પોતે બીમાર છે અને ધ્રાંગધ્રા સુધી જવાનું કહી લિફ્ટ માંગતા યુવકે કારમાં બેસાડ્યો હતો. ત્યારે હાલ સરા ચોકડીએ યુવક પાણીની બોટલ લેવા કારમાં ચાવી રાખી નીચે ઉતારતા લિફ્ટ લેનાર અજાણ્યો ગઠીયો કારની ચોરી કરી નાસી ગયો હતો. ત્યારે યુવક દ્વારા હળવદ પોલીસ મથકમાં લિફ્ટ માંગનાર અજાણ્યા આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે યુવકની ફરિયાદના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.


સમગ્ર બનાવની પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીધામ ગુરૂકુલ પ્લોટ નં.૧૬૭ સેકન્ડ ફ્લોર ફ્લેટ નં.૩ વોર્ડ ૧૦-એમાં રહેતા હર્મેશભાઈ ભરતભાઈ વ્યાસ ઉવ.૩૫ એ હળવદ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે ગત તા.૨૮/૦૪ના રોજ હર્મેશભાઈ પોતાના હવાલાવાળી સ્વીફ્ટ ગાડી રજી નં. જીજે-૧૨-એફડી-૧૯૧૮ વાળી લઈને ગાંધીધામથી અમદાવાદ જતા હતા ત્યારે એક અજાણ્યા માણસે પોતે બીમાર હોય અને ધ્રાંગધ્રા સુધી લઈ જવાનું જણાવી કારમાં લિફ્ટ માંગી હતી. જેથી હર્મેશભાઈએ અજાણ્યા વ્યક્તિને ગાંધીધામથી પોતાની ગાડીમાં બેસાડીને અમદાવાદ તરફ આવતા હતા ત્યારે અંદાજે રાત્રીના ૯.૧૫ વાગ્યા આસપાસ હળવદ સરા ચોકડી પાસે આવેલ ભાગ્યલક્ષ્મી દુકાને હર્મેશભાઈ પાણી લેવા કારની નીચે ઉતરેલ હતા ત્યારે આ અજાણ્યો માણસ હર્મેશભાઈનું ધ્યાન ચૂકવી ગાડી ચોરી કરી લઇ નાસી ગયો હતો. ત્યારે સમગ્ર બનેલ બનાવથી હતપ્રત બની ગયેલ હર્મેશભાઈ દ્વારા હળવદ પોલીસ મથકમાં લિફ્ટ માંગનાર અજાણ્યા ગઠીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે અલગ અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## નવા વિકાસ કાર્યો પાછળ કરોડો ખર્ચતું મનપા તંત્ર જૂનાની જાળવણી કરવામાં ઉણું....!



(તસ્વીરઃ આનંદ જાવિયા)





એક તરફ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં અટલસરોવર, રેસકોર્સ ખાતે મહિલા ગાર્ડનમાં વેસ્ટ માંથી બેસ્ટ વસ્તુ બનાવવાની પહેલ કરવામાં આવી છે. તો બીજી તરફ રાજકોટ શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં આવેલા નયનરમ્ય ફુવારાની હાલત બદત્તર બની છે. એક તરફ સ્માર્ટ સીટીના નામે વિકાસના બણગા ફૂક્તા શાસકો શહેરમાં જે પણ મનોરંજનના સાધનો ઉપલબ્ધ છે. તેની જાણવણી કરવાને બદલે નવા વિકાસ કામો તરફ દોટ લગાવી રહ્યા છે.

## જસદણમાં કોળી સેનાના આગેવાનોની બેઠકમાં પરષોત્તમ રૂપાલાને અપાયું સમર્થન

**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળીયા**



**જસદણ:** જસદણના વિવિધ વિસ્તારોમાં કોળી સેનાના આગેવાનોની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જસદણના કમળાપુર રોડ પર આવેલ ધર્મભક્તિ સોસાયટીના હોલ ખાતે કોળી સેનાની ખાસ મીટીંગ મળી હતી. આ મીટીંગમાં ગુજરાત કોળી સેનાના યુવા પ્રમુખ દિવ્યેશભાઈ પી.સોલંકી, અમરેલીના યુવા આગેવાન ચેતનભાઈ શિયાળ, જુનાગઢ વાડીના પ્રમુખ ભુપતભાઈ ડાભી,તેમજ જસદણ માર્કેટ યાર્ડના ડિરેક્ટર પ્રેમજીભાઈ રાજપરા તેમજ જસદણ કોળી સેનાના આગેવાન ઘનશ્યામભાઈ સરીયા, જંગવડના આગેવાન બીસુભાઈ, તેમજ અશોકભાઈ સોલંકી તેમજ માંધાતા ગ્રુપના પ્રમુખ મુકેશભાઈ ભેસજાળીયા તેમજ દેપરાના સરપંચ વિનુભાઈ જસદણ નગર પાલિકાના પૂર્વ કારોબારી ચેરમેન અને કોળી બીજલભાઈ ભેંસજાળીયા તેમજ અમરશીભાઈ રાઠોડ તેમજ કરણભાઈ યાદવ તેમજ જસદણ તાલુકાના વિવિધ ગામોના કોળી સરપંચો સહિતના કોળી સેનાના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને કોળી સેનાના આવેલા મહેમાનો નું ફુલહારથી સ્વાગત કર્યું હતું આ કોળી સેનાની મીટીંગનું આયોજન ઘનશ્યામભાઈ સરીયાની આગેવાનીમાં યોજવામાં આવી હતી. આ મીટીંગમાં જસદણ શહેર અને તાલુકાના કોળી સેનાના આગેવાનો જોડાયા હતા. આ તકે કોળી સેનાના આગેવાનોએ પરસોતમભાઈ રૂપાલાના સમર્થનમાં ઉભા રહેવા હાંકલ કરી હતી અને સમાજના આગેવાનોએ બે હાથ ઉંચા કરીને પરસોત્તમભાઈ રૂપાલા ને ખુલ્લું સમર્થન આપ્યું હતું. કાર્યક્રમ પૂર્ણ આભાર વિધિ જસદણ કોળી સેનાના આગેવાન એવા ઘનશ્યામભાઈ સરિયા એ કરી હતી .

## નવલનગરમાં બાંધકામની સાઈટ પર વીજ શોક લાગતા શ્રમિકનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવલનગર-૨માં નવી બનતી બાંધકામની સાઈટ પર કામ કરતા શ્રમિકને ઈલેક્ટ્રીક શોક લાગતા તેનું કરુણ મોત નિપજ્યું છે.વિગતો મુજબ શહેરમાં નવલનગર-૨માં નવી બનતી બાંધકામની સાઇટ પર કામ કરતી વેળાએ હરેશભાઈ ભીખાભાઈ પરમાર નામના ૪૦ વર્ષીય શ્રમિકને ઈલેક્ટ્રીક શોક લાગવાથી તેનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. આ બનાવની જાણ માલવિયાનગર પોલીસને થતા સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. અને તેના મૃતદેહને પીએમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.જ્યારે બનાવથી મૃતકના પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.

## કાલાવડમાં આશાસ્પદ યુવતીનો ગળાફાંસો ખાઈ આપઘાતઃ અરેરાટી

**મુખ્ય સમાચાર, જામનગર**

કાલાવડમાં કોલેજીયન વિદ્યાર્થીનીએ પરીક્ષાના ટેન્શનમાં ગળાફાંસો ખાઈને જીંદગી ટુંકાવી લેતાં પરિવારમાં માતમ છવાઈ ગયો છે.

આ અંગેની માહિતી મુજબ કાલાવડમાં પંજેતનનગરમાં રહેતી રીયાબેન યુનુશશા શાહમદાર (ઉ.વ.૧૮) નામની વિદ્યાર્થીની કોલેજમાં અભ્યાસ કરતી હોય અને બે દિવસ પછી તેની પરીક્ષા હોવાથી તેની તૈયારી કરતી હતી. ગત તા.૩૦ના રોજ તેણીએ પરીક્ષાના ટેન્શનમાં પોતાના ઘરે પંખામાં દુપટ્ટો બાંધીને ગળાફાંસો ખાઈ લેતાં ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તેણીને ફરજ પરના તબીબોએ મૃત જાહેર કરતાં રજીયાબેન સુલતાનશા શાહમદારએ પોલીસમાં જાહેર કરતાં જમાદાર વી.ડી.ઝાંપડીયાએ મૃતદેહનો કબ્જો સંભાળીને પીએમ માટે મોકલી દીધો હતો. આ બનાવથી પરિવારમાં તેમજ વિસ્તારમાં માતમ છવાઈ ગયો છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ટંકારાની મીરા કોટન નામની ફેકટરીમાં ભભૂકી આગ

**મુખ્ય સમાચાર, ટંકારા**



ટંકારા લતીપર ચોકડી નજીક તાલુકા પંચાયત સામે મિરા કોટન નામની ફેકટરીમાં રાખવામાં આવેલ મંડપ સર્વિસનાં સામાનમાં આગ ભભૂકી હતી. ત્યારે બનાવની જાણ થતા જ મોરબી ફાયર બ્રિગેડના જવાનો, ટંકારા પોલીસ અને વહીવટી તંત્ર ઘટનાસ્થળે પહોંચ્યું હતું.

મળતી માહિતી અનુસાર, ટંકારા લતીપર ચોકડી નજીક તાલુકા પંચાયત સામે મિરા કોટન નામની ફેકટરીમાં રહેલ મંડપ સર્વિસના સામાનમા અગમ્ય કારણોસર આગ ભભૂકી ઉઠી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, અહી મંડપ સર્વિસનો એટલો સામાન પડ્યો હતો કે જો લોકો તાત્કાલિક દોડયા ન હોત તો આગ ભયાનક રૂપ ધારણ કરી શકત. આગ લાગતાની સાથે જ ધુમાડાના ગોટેગોટા નિકળતા રાહદારીઓ દોડી આવ્યા હતા. સદનશીબે કોઈ જાનહાની થઇ નથી. આગ લાગતા અંદાજે ચારેક લાખનું નુકસાન પહોંચ્યું હોવાનું પિયુષ મંડપ સર્વિસ મોરબી દ્વારા જણાવવામાં આવ્યું હતું. ત્યારે સ્થાનિક લોકોએ આગ ઉપર કાબુ મેળવવા તજવીજ હાથ ધરી હતી અને મોરબી ફાયર બ્રિગેડના જવાનો ઘટના સ્થળે પહોચ્યા હતા. તેમજ ટંકારા પોલીસ અને વહીવટી તંત્ર પણ ઘટનાસ્થળે પહોંચ્યું હતું.

## ટંકારામાં ક્રિકેટ રમી પરત આવતા રસ્તામાં યુવકનું હાર્ટ એટેકથી મોત

**મુખ્ય સમાચાર, ટંકારા**



ટંકારા:હાર્ટ એટેકથી લોકોના મૃત્યુનો સિલસિલો હજુ યથાવત છે ત્યારે વધુ એક યુવકનું અચાનક આવેલ હાર્ટ એટેકથી મોત નીપજ્યાનો બનાવ સામે આવ્યો છે. જેમાં ટંકારા તાલુકાના રાજાવડ ગામનો યુવક નાગડાવાસ ક્રિકેટ રમી પોતાના ગામ પરત ફરતો હોય ત્યારે રસ્તામાં તેમને છાતીમાં ગભરામણ થતા બેભાન થઇ જઈ મોતને ભેટયો હતો. ત્યારે યુવકના અચાનક મોતથી પરિવારજનો તથા નાના એવા રાજાવડ ગામમાં શોક છવાય જવા પામ્યો હતો.

સમગ્ર અકાળે મોતના બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ટંકારા તાલુકાના રાજાવડ ગામે રહેતા રમેશભાઇ જેસંગભાઇ બાલાસરા ઉવ-૩૮ ગઈકાલ તા.૦૧/૦૫ ના રોજ નાગડાવાસ ગામે ક્રિકેટ રમવા ગયેલ હતા. ત્યારે ક્રિકેટ રમીને નાગડાવાસથી રાજાવડ આવતા હતા જ્યાં વચ્ચે રસ્તામા વિરપર ગામ નજીક પહોચતા રમેશભાઈને છાતીમા એકદમ ગભરામણ થવા લાગી હતી જેથી તેઓ બેભાન થઇ ઢળી પડી ગયા હતા. જ્યાંથી રમેશભાઈને બેભાન હાલતમાં ટંકારા સરકારી હોસ્પિટલ લાવતા જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે રમેશભાઈને જોઈ તપાસી મરણ જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારે ટંકારા પોલીસે મૃત્યુ અંગેના બનાવમાં અ.મોતની નોંધ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદના જેલ સહાયક પર હુમલો કરી લૂંટ ચલાવનાર કુખ્યાત શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદ શહેરના રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે જેલ સહાયક તરીકે ફરજ બજાવતા અશોકભાઈ માવજીભાઈ ચૌધરીને તા. ૨૩.૧૦.૨૦૨૩ ના રોજ અગાઉ જેલમાં રહેલા આરોપીઓ રહીશખાન નાશિરખાન પઠાણ ફુરકાન નાશિરખાન પઠાણ તથા તેમની સાથે આવેલ બે અન્ય ઈસમો દ્વારા કાવતરું રચી, ફરિયાદીની રેકી કરી, કેમ મારા ભાઈને જેલમાં હેરાન કરો છો ? તેમ કહી, બોલા ચાલી ઝઘડો તકરાર કરી, ફરિયાદીને જેમ ફાવે તેમ ગંદી ગાળો બોલી, શરીરે ગડદા પાટુંનો માર મારી, આરોપી રઈશ ખાન પઠાણે પોતાના પાસે રહેલ છરી ગરદન ઉપર મારવા જતા, ડાબો હાથ વચ્ચે આવતા ટચલી આંગળી ઉપર છરીનો ઘા મારી, ફરિયાદીના શર્ટ ના ખિસ્સામાંથી વીવો કંપનીનો બ્લુ કલર મોબાઇલ તથા મોબાઈલ કવરમાં રહેલ રૂ. ૩,૦૦૦/- મળી, કુલ રૂ. ૧૭,૦૦૦ ની લૂંટ કરી નાસી ગયેલ હતા. જે બાબતની



ફરિયાદ કરતા, રાણીપ પોલીસ સ્ટેશનની પોલીસ ટીમ દ્વારા તપાસ હાથ ધરી, આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓ (૧) રઈશ ખાન નાસીર ખાન પઠાણ તથા (૨) ફુરકાંન નાસિર ખાન પઠાણ અમદાવાદ શહેરને જે તે વખતે અટક કરવામાં આવેલ હતા.

આ ગુનહામાં પકડાયેલ આરોપીઓ (૧) રઈશ ખાન નાસીર ખાન પઠાણ તથા (૨) ફુરકાંન નાસિર ખાન પઠાણની પૂછપરછ દરમિયાન વટવા વિસ્તારના કુખ્યાત આરોપી આમાનખાંન ઉર્ફે રાજા પઠાણની સંડોવણી ખુલવા પામેલ હતી. જ્યારથી આ ગુનામાં આરોપી આમાન ખાન ઉર્ફે રાજા પઠાણનું નામ ખૂલેલ ત્યારથી નાસી ગયેલ હતો અને પોલીસ દ્વારા જ્યારે જ્યારે તપાસ કરવામાં આવે ત્યારે મળી આવતો ન હતો અને પોતાની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા/વોન્ટેડ આરોપી હતો....

નાસતા ફરતા/વોન્ટેડ આરોપીઓને પકડી પાડવાની ખાસ ઝુંબેશના ભાગરૂપે અમદાવાદ શહેર જે ડિવિઝન એસીપી પ્રદિપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર કુલદીપ ગઢવી, ડી સ્ટાફના પીએસઆઇ કે.ડી.પટેલ તથા સ્ટાફના હે.કો. અશોકભાઈ, પો.કો. દિલીપભાઈ, સહિતની પોલીસ ટીમ દ્વારા મળેલ બાતમી આધારે આ ગુનાના કામે વોન્ટેડ આરોપી આમાનખાન ઉર્ફે રાજા અસલમ ખાન પઠાણ ઉંવ. ૨૪ રહે. દરબાર નગર, નવાપુરા, વટવા, અમદાવાદને પકડી પાડી, ધરપકડ કરવામાં આવેલ છે....

આ બાબતે વટવા પોલીસ સ્ટેશનના પીઆઈ કુલદીપ ગઢવી, ડી સ્ટાફના પીએસઆઇ કે.ડી.પટેલ તથા સ્ટાફની ટીમ દ્વારા પકડાયેલ આરોપીનો કબ્જો રાણીપ પોલીસ સ્ટેશન તથા અસલાલી પોલીસ સ્ટેશનને સોંપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે....

# નવાગામની ટ્રાન્સપોર્ટ ઓફિસમાં બેભાન થઈ જતા તરુણનું મોત

## મવડી આરએમસી ક્વાર્ટરમાં સાળાના ઘરે આવેલા બનેવીનું બેભાન હાલતમાં મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં નાની વયના લોકોમાં હૃદયરોગના હૂમલાનું પ્રમાણ વધ્યું છે. ત્યારે નાની વયના યુવાનો મોતના ખપ્પરમાં હોમાય જતા હોય છે ત્યારે શહેરમાં નવાગામ પાસે ટ્રાન્સપોર્ટની ઓફિસમાં તરુણનું અને મવડી આરએમસી ક્વાર્ટરમાં સાળાના ઘરે આવેલા બનેવીનું બેભાન હાલતમાં મોત થયું હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

આ અંગેની માહિતી મુજબ



સંતકબીર રોડ પર આવેલા ગોકુલનગર શેરી નં.૧માં રહેતો હર્ષીલ કમલેશભાઈ ગોરી (ઉ.વ.૧૭)નામનો તરુણ ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યે નવાગામ પંચાયત ઓફિસ સામે આવેલ નારાયણજીપરામાં ટ્રાન્સપોર્ટની ઓફિસમાં હતો ત્યારે અચાનક બેભાન થઈ જતા તાત્કાલીક સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા ફરજપરના તબીબોએ તેને મૃત્તક જાહેર કરતા પરિવારમાં કરુણ કલ્પાંત સર્જાયો હતો.

જ્યારે એક બનાવમાં ગીરસોમનાથના વેરાવળમાં સાંઈબાબા મંદિર પાછળ રહેતા ધમેન્દ્રભાઈ રતીભાઈ નાડોલિયા (ઉ.વ.૪૯)નામના પ્રૌઢ ગઈકાલે મવડીમાં આવેલ લાધાબાપા ચોક પાસે આરએમસી ક્વાર્ટરમાં તેના સાળા સંજયભાઈના ઘરે આવ્યા હતા. ત્યારે અચાનક બેભાન થઈ જતા સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા તબીબોએ તેનું મોત થયા હોવાનું જાહેર કર્યું હતું.


# જેતપુરના જીમખાના મેદાન પાસેથી શખ્સ પિસ્ટલ સાથે ઝડપાયો

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરમાં જિમખાના મેદાન વિસ્તારમાં દેશી બનાવટની ૨૦ હજારની કિંમતની પિસ્ટલ લઈને ફરતાં યુવાનની જેતપુર પોલીસ ટીમે પૂર્વ બાતમીના આધારે આબાદ રીતે ઝડપી લઈ પોલીસ મથકમાં ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની વિગતો મુજબ લોકસભાની ચુંટણી સંદર્ભે ચાલી રહેલ આચાર સંહિતાની કડક અમલવારી કરવા માટે જેતપુર પોલીસે પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું એ દરમિયાન બાતમીના પગલે પોલીસે જેતપુરના જીમખાના મેદાનમાંથી





મેદાનના મુસ્લિમ યુવક દેશી બનાવટની પિસ્તોલ સાથે બેઠો હોય જેથી જેતપુર સીટી પોલીસ ટીમે જેની અંગ ઝડતી કરતા પેન્ટમાં કમરના ભાગેથી એક હાથ બનાવટની પિસ્ટલ મળી આવી હતી.

જેનાં પગલે યુવકની કડકાઈથી પૂછતાંછ કરી હતી. એમાં જેતપુરના તકિયા શેરીમાં રહેતો જુનેદ વલીભાઈ ચૌહાણ ઉંમર વર્ષ ૩૫ની પૂછતાછ કરતાં જુનેદે ચુપકીદી સાધી લઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો.

જેનાં પગલે પોલીસે ૨૦ હજારની કિંમતની પિસ્ટલ કબ્જે લઈ ધરપકડ કરી વધુ પૂછતાંછ શરૂ કરી કરી પોલીસ સ્ટેશન ખાતે આર્મ્સ એક્ટ મુજબનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગોંડલની પરિણીતા પર દુષ્કર્મ આચરનાર અનીળા (ભાલોડી)ના શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ પંથકમાં રહેતી પરિણીતાને અનીળા (ભાલોડી)ના શખ્સે પ્રેમજાળમાં ફસાવી તેના પતિને સબંધની વાત કરી દેવાની ધમકી આપી અવાર-નવાર દુષ્કર્મ ગુજારતા ગોંડલ તાલુકા પોલીસ ગુનો નોંધી તેને સકંજામાં લઈ કાર્યવાહી કરી છે.

બનાવ અંગે ગોંડલ પંથકમાં રહેતી ૨૭ વર્ષીય પરિણીતાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મહેશ ઉર્ફે ગુનો દિલીપ મકવાણા (રહે.અનીડા (ભાલોડી)નું નામ આપતાં જણાવ્યું હતું કે, તેની તેના માતાના ઘરે આંટો મારવા ગઈ હતી ત્યારે આરોપીએ પરિચય મેળવી પ્રેમ જાળમાં ફસાવી તેણીના ઘરમાં જઈ દુષ્કર્મ ગુજાયું હતું. અને બાદમાં આરોપીએ પરિણીતાને સમાજમાં બદનામ કરી દેશે અને તેણીના પતિને વાત કરી દેશે તેવો ભય બતાવ્યો હતો અને અલગ-અલગ સ્થળોએ લઈ જઈ ત્રણ-ચાર વાર બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં અંતે કંટાળેલી પરિણીતાએ તેમના પતિને જાણ કરતા ફરિયાદ નોંધાવી હતી.બનાવ અંગે ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લઈ પુછતાછ હાથ ધરી હતી.

# ગોંડલના મોટી ખીલોરી ગામે માનસિક બિમાર યુવાનને પિતા અને ભાઈએ મોતને ઘાટ ઉતાર્યો

## પરિવારજનોએ પુરાવાનો નાશ કરી મૃતકની બારોબાર અંતિમ વિધિ કરી નાંખીઃ પોલીસે પિતા અને ભાઈ વિરૂધ્ધ ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ તાલુકાના મોટી ખીલોરી ગામે રહેતા મજૂરી કામ કરતા અને માનસિક બીમારીથી પીડાતા યુવાનનું મોત નીપજ્યા બાદ પરિવારના ગણ્યા ગાંઠિયા સભ્યોએ અંતિમવિધિ કરી નાખી હતી બાદમાં તેની હત્યા નીપજી હોવાની શંકા જતા તાલુકા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

મોટી ખીલોરી ગ્રામજનોએ જણાવ્યું હતું કે શાપર વેરાવળમાં મજૂરી કામ કરતા છેલ્લા ઘણા સમયથી માનસિક બીમારીથી પીડાતા હરેશભાઈ બાબુભાઈ સોરઠીયા ઉંમર વર્ષ ૩૫ નું મોત નીપજતા ગણ્યા ગાંઠિયા પરિવારજનોએ એકઠા થઈ અંતિમ વિધિ કરી નાખી હતી બાદમાં હરેશભાઈ ની હત્યા થયા ની શંકા જતા સમગ્ર મામલાની જાણ સુલતાનપુર પોલીસના પી.એસ. આઈ રાજદીપસિંહ જાડેજા ને થતા ઘટના સ્થળે દોડી ગયા હતા અને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા બનાવ અંગે સુલતાનપુર પોલીસ મથકના પી.એસ.આઈ રાજદીપસિંહ જાડેજા એ જણાવ્યું હતું કે ઘટના બની છે મૃતક યુવાનના અંતિમ સંસ્કાર પણ થઈ ગયા છે પરંતુ પોલીસને હત્યા થયાની માહિતી મળતા ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરવામાં આવી છે.

નાના એવા મોટી ખીલોરી ગામમાં રાજીવ ગાંધી ભવન ની બાજુમાં રહેતા હરેશભાઈ બાબુભાઈ સોરઠીયા અને તેના પિતા બાબુભાઈ વચ્ચે બુધવારના માથાકૂટ થઈ હતી અને તેમાં તેની હત્યા થઈ હોવાની ગ્રામજનો વચ્ચે ચર્ચાએ જોર પકડયું છે બાબુભાઈ ને સંતાનમાં ત્રણ દીકરા જેમાં બે દીકરા બેલડા ના છે અને આ હરેશ મોટો દીકરા હતા અને ત્રણ દીકરીઓ છે. મોટી ખીલોરીના યુવાનના શંકાસ્પદ મોત અંગે પોલીસ પણ અવઢવમાં છે ત્યારે હત્યા છે કે આત્મહત્યા ? તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરતા જાણવા મળ્યું છે કે માનસિક બિમાર યુવાનને પિતા બાબુ બાવા સોરઠીયા અને ભાઈ હસમુખ બાબુ સોરઠીયા હત્યા કરી હોવાનું ખુલવા પામતા પોલીસે ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# રાજકોટમાં પારકા ઝઘડામાં વચ્ચે પડેલા વિમા એજન્ટ પર બે શખ્સોનો છરી વડે હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અંબિકા ટાઉનશીપમાં રહેતા એક વીમા એજન્ટ પર બે શખ્યોખે છરી વડે હુમલો કરતા પ્રૌઢને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં અલેડાયા છે. પ્રૌઢને વગર વાક હુચલાનો ભોગ બનવું પડયુ હોવાની વિગતો મળી છે.

આ અંગેની માહિતી મુજબ અંબિકા ટાઉનશીપમાં રહેતા સુધિરભાઈ રણછોડભાઈ પટેલ (૦.૯.૧૮) બાજે સવારે ૧૧ વાગ્યે નાના મહા. આરોગ્ય કેન્દ્ર અને રસ્ટેટ બેન્ક પાસે હતાં ત્યારે



ત્યાં પછી આવેલા ડિપક વિષ્ણુ આવેશ અને કોશિક કનેરીયા બેથ બે શખ્યોબે બાપેશ દોંગા પૈસા નથી આપતો તે વાતે બબાલ કરી છરીથી હુમલો કરી નાસી છૂટયા હતા. બીજી બાજુ છરીનો ઘા છાતીમાં વાગી જતા ઈજાગ્રસ્ત હાલતમાં સુધિરભાઈને સારવાર માટે સિલિ હોસ્પિટલમાં ખસેડાયા છે. અહીંથી ને સુધિરભાઈએ પીડિશને જણાવ્યું હતુ કે, દિપક અને કૌશિકે પટેલ ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ નામથી હાધનાનોનો ધંધો કરતાં ખપેશ દોંગાને રૂા.૧૪ શાખ કછીના આપ્યા હતા. તે પહેલા આ બંન્ને શખ્સોએ અલ્પેશને પૈસા આઠીએ તો કોઈ વાંધો નથી ને? તેવું પૂછતા સુપિભાઈએ કહેલા કે મને શું વાંધો હોય, ત્યારબાદ આપેશ દોંગા ૧ વર્ષથી રૂપિયા આપતો નથી તે પાતની માથાકુટ કરી, નાના મવા બોલાવી ડિપક અને કૌશિકે સુમલો કર્યોનું પોલીસને જણાવ્યું હતું. બનાવની જાણ પરથી રાજકોટ તાલુકા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ન્યુ રાજદિપ સોસાયટીમાં ઝેરી પાવડર ખાઈ યુવાનનો આપઘાત

## ધરમનગર આવાસ યોજનાના ક્વાર્ટરના ચોથા માળેથી પડી જતા યુવાનનું કરુણ મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે મવડી ગામમાં આવેલ ન્યુ રાજદીપ સોસાયટીમાં પટેલ યુવાને ઝેરી પાવડર ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ ૧૫૦ રીંગ રોડ પર આવેલા મવડી ગામમાં ન્યુ રાજદીપ સોસાયટીમાં રહેતો વિજય વિઠલભાઈ લીંબાસીયા (ઉ.વ.૪૨) નામનો યુવાન ગઈકાલે સાંજે પોતાના ઘરે હતો ત્યારે કોઈ અગમ્ય કારણસર કોઈ ઝેરી પાવડર પી લેતા બેભાન હાલતમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

જ્યારે અન્ય એક બનાવમાં સ્ટરલીંગ હોસ્પિટલ પાછળ આવેલ ધરમનગર આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતો વાસુદેવ ઉર્ફે વિપુલ માધાભાઈ જુજર (ઉ.વ.૩૨)નામનો યુવાન ગઈકાલે બપોરે ચોથા માળેથી નીચે પડી જતા શરીરે ગંભીર ઈજા થતા સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા તબીબોએ મૃત્તક જાહેર કર્યો હતો.

# છતર ગામ પાસે રાજકોટના દંપતિએ વ્યાજખોરોના ત્રાસથી આપઘાત કર્યાનું ખુલ્યું

## ટંકારા પોલીસે વ્યાજખોરો સામે દંપતિને મરવા મજબુર કર્યાનો ગુનો નોંધવા તજવીજ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર પોલીસમાં હાલ સ્પેશ્યલ બ્રાંચના ચૂંટણી સેલમાં ફરજ બજાવતા પોલીસમેન મિલનભાઈ ખુંટના માતા-પિતાએ વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ટંકારા તાલુકાના છતર ગામે પ્રાથમિક શાળા પાસે ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લીધો હતો.જે મામલે ટંકારા પોલીસે વ્યાજખોરો સામે મરવા મજબૂર કર્યાનો ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.

આ અંગેની માહિતી મુજબ નિલેશભાઈ મનસુખભાઈ ખુંટ (ઉ.વ.૪૫) અને તેના પત્ની ભારતીબેન (ઉ.વ.૪૩)એ ટંકારાના છતર ગામમાં આવેલી પ્રાથમિક શાળા નજીક ઝેરી દવા પી લીધી હતી. જેથી તેમણે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અને અહી તેમનું ટૂંકી સારવારમાં મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં ટંકારા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી આવ્યો હતો અને તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, તેઓ એલઆરડી તરીકે પોલીસ વિભાગમાં ફરજ બજાવતા મિલનભાઈના માતા-પિતા હતા.

જાણવા મળ્યું હતું કે, તેઓ એ વ્યાજખોરો પાસેથી રૂપિયા લીધેલા હતા અને પૈસાની ઉઘરાણી કરી વ્યાજખોરો તેમને માનસિક ત્રાસ આપતા હોવાથી તેમણે આ પગલું ભર્યું હતું. જેથી આ મામલે ટંકારા પોલીસ વ્યાજખોરો સામે મરવા મજબૂર કર્યા હોવાનો ગુનો નોંધવા તજવીજ હાથધરી છે. મૃતક દંપતી રાજકોટમાં પુનિતનગરના ટાંકા પાસે મકાઈની લારી ચલાવીને પોતાનું ગુજરાન ચલાવતા હતા.

# ભક્તિનગર સ્ટેશન પ્લોટમાં ટ્રાન્સપોર્ટર દારૂના ચપલા સાથે ઝડપાયો

## ફાળદંગ ગામે રાજકોટનો શખ્સ બીયરના ટીન સાથે ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભક્તિનગર સ્ટેશન પ્લેટમાં આવેલ ઓફિસમાં પોલીસે દરોડો પાડી પોલીસે ઓફિસમાંથી દારૂના ચપલા સાથે વેપારીને ઝડપીપાડયો હતો જ્યારે બીજા બનાવમાં ફાળદંગ ગામેથી સ્કૂટરની ડેકી માંથી ૧૫ બિયરના ટીન સાથે નિકળેલા શખ્સને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ એ ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એ.જે. બસિયા, કોન્સ્ટેબલ ભગીરથસિંહ ઝાલા સહિતના સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન ભક્તિનગર સ્ટેશન પ્લોટમાં આવેલા મારૂતિનંદન એપાર્ટમેન્ટમાં બીજા માળે સનરાઈઝ નામની ઓફિસમાં દારૂનો જથ્થો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી તલાશી લેતા ઓફિસમાઁથી વિદેશી દારૂના ચપલા નં. ૯ મળી આવ્યા હતા.

જેથી પોલીસે ઓફિસમાંથી વેપારી મોનાર્ક દેવેન્દ્રભાઈ તંતી રે. ભક્તિનગર રાજકોટ તા.૧ સ્ટેશન પ્લોટ ગોડાઉન રોડ ભાર્ગવ એપાર્ટમેન્ટની ધરપકડકરી તેના વિરુદ્ધ પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે બીજા બનાવમાં કુવાડવા રોડ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે ફાળદંગ ગામ પાસેથી સ્કૂટર લઈ નિકળેલા શખ્સને અટકાવી તલાશી લેતા સ્કૂટરની ડેકીમાંથી બીયરના ટીન નં. ૧૫ કિંમત રૂા. ૧૫૦૦ મળી આવતા પોલીસે વાહન ચાલક સાહિત સામતભાઈ બાવળિયા રે. ભાવનગર રોડ ચૂનારાવાડ શેરી નં. ૨ ને ઝડપી લઈ બીયરના ટીન કબ્જે કરી જેના વિરુદ્ધ પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. આરોપીની પુછપરછ કરતા તેણે આ બિયરના ટીન ચૂનારાવાડમાં રહેતા લખુભાઈ પાસેથી લીધા હોવાની કબુલાત આપતા પોલીસે લખુભાઈ શોધખોળ હાથ ધરી છે.

# પેડક રોડ પર આવાસના કવાર્ટરમાં જમાઈનો સસરા પર છરી વડે હુમલો

## પત્ની કહ્યા વગર બહેન-બનેવી સાથે માતાજીના દર્શન કરવા ગઈ હોવા બાબતે ઝઘડો થયો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પેડક રોડ ઉપર આવેલા આવાસ યોજનના ક્વાર્ટરમાં બહેન બનેવી સાથે ઉગતાપોરની મેલડી માતાજીના દર્શને ગયેલી પત્ની સાથે ઝઘડો કરી પતિએ માર માર્યો હતો. પુત્રીને છોડવા વચ્ચે પડેલા પિતા ઉપર જમાઈએ છરી વડે હુમલો કરી છરીના ઘા ઝીંકી દીધા હતા. હુમાલમાં ઘવાયેલા પિતા-પુત્રીની સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પોલીસે હુમલાખોર વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસનો દોર લંબાવ્યો છે.

આ અંગેની માહિતી મુજબ પેડક રોડ ઉપર આવેલા આવાસ યોજનના ક્વાર્ટરમાં રહેતા ભરતભાઈ ગોવિદભાઈ બોરીયા (ઉ.વ.૪૬) પોતાના ઘરે હતા ત્યારે રાત્રીના સાડા નવેક વાગ્યાના સમયે જમાઈ રવિ જેઠવાએ છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા પ્રોઢને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્ટિપલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પ્રાથમિક પુછપરછમાં હુમલામાં ઘવાયેલા ભરતભાઈ બોરીયાની પુત્રી પ્રિયંકાબેન તેના બહેન-બનેવી કિંજલબેન અને અર્જુનભાઈ વાઘેલા સાથે ઉગતાપોરની મેલડી માતાજીના દર્શન કરવા ગઈ હતી. જેથી રવિ જેઠવાને સારૂં નહીં લાગતા પત્ની પ્રિયંકાબેનની તુ શુ કામ ગઈ હતી? તેમ કહીં માર માર્યો હતો. પુત્રીને છોડવા ભરતભાઈ બોરીચા વચ્ચે પડતા જમાઇ રવિ જેઠવાએ છરી વડે હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે બી-ડિવઝન પોલીસ મથકમાં હુમલાખોર શખ્સ વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસે ફરિયાદના આધારે તપાસનો દોર લંબાવ્યો છે.

# સામાકાંઠે ઉજવલ સોસાયટીના શખ્સે સગીરાને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યુ

## સગીરાના વાલીએ બી.ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કરી શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામા કાંઠે રહેતા પરિવારની સગીર દીકરીને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી રાત્રીના સમયે અપહરણ કરી પોતાના ઘરે લઈ જઈ દુષ્કર્મ આચર્યાની બી ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીને સકંજામાં લઇ તપાસ હાથ ધરી છે. રાજકોટના સામા કાંઠે રહેતા યુવકે મોરબી રોડ ઉપર ઉજવલ સોસાયટીમાં રહેતા અજય રાજેશભાઈ પ્રજાપતિ નામના શખસ સામે અપહરણ, પોક્સો, દુષ્કર્મ સહિતની કલમો હેઠળ બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેની ૧૭ વર્ષ ૮ માસ ઉમરવાળી દીકરીનો આરોપીએ સંપર્ક કરી તેણીને પ્રેમજાળમાં ફસાવી હતી તેણી સગીર હોવાનું પોતે જાણતો હોવા છતાં પોતે તેની સાથે લગ્ન કરવા ઈચ્છે છે તેમ કહી દોઢેક માસથી અવારનવાર તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું તેમજ ગત રાત્રે ત્રણેક વાગ્યે દીકરીનું અપહરણ કરી તેના ઘરે લઇ જઈ લગ્ન કરશે તેવું કહી બળજબરીથી શરીર સંબંધ બાંધી લેતા દીકરીએઆ અંગે પરિવારને વાત કરતા મામલો પોલીસ સ્ટેશને પહોચ્યો હતો પિતાની ફરિયાદ પરથી બી ડીવીઝન પીઆઈ એસ એમ જાડેજા અને ટીમે આરોપીને સકંજામાં લઇ આગવીઢબે પુછતાછ હાથ ધરી છે.

# નાણાવટી ચોક પાસે ઉછીના આપેલા નાણાંની ઉઘરાણી કરતા યુવાન પર ભરવાડ શખ્સનો હુમલો

## શિવાજીનગરમાં મહિલાને પાડોશીએ અને રૈયા ગામમાં પ્રૌઢને અજાણ્યા શખ્સોએ મારમાર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં જામનગર રોડ ઉપર આવેલા મનહરપુર- ૧માં રહેતા યુવાન હાથ ઉછીના આપેલા રૂપિયાની ઉઘરાણી અર્થે નાણાવટી ચોક પાસે આવેલા આવાસ યોજનના ક્વાર્ટર પાસે ગયો હતો ત્યારે રવિ ભરવાડ નામના શખ્સે ધોકા વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડાયો હતો. જામનગર રોડ ઉપર આવેલા મનહરપુર-૧માં રહેતા યશપાલ બોરીચા નામનો ૨૨ વર્ષનો યુવાન રાત્રીના બારેક વાગ્યા આરસામાં નાણાવટી ચોક પાસે આવેલા આવાસ યોજનના ક્વાર્ટર નજિક હતો ત્યારે રવિ ભરવાડ નામના શખ્સે ઝઘડો કરી ધોકા વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલ યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં યશપાલ બોરીયાએ હાથ ઉછીના રૂપિયા આપ્યા હતા. જે રૂપિયાની ઉઘરાણી માટે જતા હુમલો થયો હોવાનો જાણવા મળ્યું છે. આ ઉપરાંત અન્ય બનાવમાં ચુનારાવાડ ચોકમાં આવેલા સીવાજીનગરમાં રહેતી જમનાબેન મુકેશભાઈ બારીયા નામની ૩૫ વર્ષની પરિણીતાને વિશાલ અને શીલુ સહિતનાએ ધોકા વડે માર માર્યો હતો. જ્યારે રૈયા ગામમાં બાબુભાઈ માંગાભાઈ પરમાર નામના ૫૫ વર્ષના આધેડ સાથે અજાણ્ય શખ્સોએ માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલી પરિણીતા અને આધેડને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.